# ગુજરાતી કવિતા

About Myself
Gujarati Haiku
My Hindi poems
Poetry Glossary
Essay on Poetry
My English Poe..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Poems ..
Gujarati Muktak..
Gujarati Muktak..
Gujarati Muktak..

================

સર્જક કવિ:

શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

================

## હાઈકુ

લાડ લડે છે
લાડી; ઘરની વાડી
ખીલી જવાની.

———

મોજાં ઊછળે
તળે;ગગન ડૂબે,
મન મગન.

———

હમણાં હસ્યાં
સાચું ?તમેજ જાણો;
અંતર ચૂપ.

———

વાદળ ગાજે
પાણી;ગુલાબફૂલ
ઝાકળડૂબ્યું.

———

હમણાં તારું
નામ;કામ છે તારે ?
અવાજ બંધ.

———

ભર બપ્પોરે
ચાંદો,નિંદર રાતે;
શું હવે થશે ?

———

મૃગજળતો
ખોટું;તરસ્યું રણ,
જળ પી ગયું.

———

ઘડિયાળમાં
વાગે ટકોરાબંધ;
સમય ચૂપ.

———

સરવરનું
જળ ? કાગ પી ગયો;
ઘડે કાંકરા.

———

હોઠ બીડેલા
સારા;આંખો બંધ કે
સુખી થવું છે ?

———

ઝાકળ માથે
ઝૂલ,પતંગિયાની
પંગત ઊડી.

———

દૂરદર્શન
ખરું;હસવું આવે;
પડદા પર

———

ઊંઘ્યાં તમેતો
ખૂબ;કોણ જાગે છે ?
તાળું જિહ્વાએ.

———

જમણવાર
ખૂબ સારો હતોને ?
હવે ક્યારે છે ?

———

પ્રકાશ ખૂલ્યો;
બંધ આંખોમાં ઉગ્યો
અગન ગોળો.

———

મોજાં ઊછળે
ઊંચે,ગગન તળે
સૂકું ને સૂકું.

———

દૂરધ્વનિનો
રવ,નીરવ થયો;
વાતો બસૂરી

———

ફાઈલ ખૂલી
ગઈ;બધુંજ બંધ;
ભૂખ ઊઘડી.

———

આંખો ઊઘડી
કાચી;બિસ્તર સૂમ.
કોણ રડ્યું આ ?

———

સૂરજ તાપે
દેહ બળે ભડકે;
શીત તરુમાં.

———

ઢળ્યું જીવન
અંતે;ભરી જવાની;
બાળક રોતું.

———

રેતીનાં રણ
ઊંડે;નિર્લજ્જ પાણી.
ઊંટ ડૂબતું.

———

મોર ગહેકે;
મેઘ અનરાધાર;
કાપે કાળજું

———

શેરીમાં છૂટ્યું
લોક;ધણમાં ગાયો;
ગીત ગોંદરે.

———

મયંક અંકે
દૂધ,ધોળાયું રાતે
અવની અંગે.

———

જનમ જથા
કથા;પ્રભાત રાત;
અથથી ઈતિ.

———

પગની પાની
હસે;ફૂલ ખીલતું
રંગ બે રંગી.

———

ફૂલશાં ફોરાં
વરસે ચારે કોર;
કોરા ને કોરા.

———

અથાક થાક
આમ;વિશેષ થાક
જ્ઞાન વિપાક.

———

દરિયો ડોલે
બોલે લહર મોજાં
ગાંજ્યાં જાય ના.

———

ઉગ્યા બાવળ
આભે;બની વાદળ
વરસે શૂળો.

———

દરિયો ડૂબે
આઘે;પવન સરે;
નજર ખારી.

———

ભીતર ભીનાં
વૃક્ષ;ઉપર રુક્ષ;
પાનખરોમાં.

———

નળમાં પાણી
ચક્ક;કૂવા હવાડા
કરે ભજન.

———

લાડ લડે છે
લાડી;ઘરની વાડી
ખીલી જવાની.

———

તડકો ઝંખે
પાણી;આંખો ડૂબતી;
આભ ઊઘડે.

———

સૂર્ય ક્ષિતિજે
સ્થિર;હવે શું થશે
અજવાળાનું ?

———

વનની વાતો
વાટે;વાટની વાતો
વનવનમાં.

———

સૂરજ ઉગ્યો
લાલ;આથમે લાલ;
વચમાં ધોળો.

———

આંખો બોલે છે
ચૂપ;ખેલ ખેલતી
લાડક્વાયી.

———

ગોળ મટોળ
પેટ;ભવની ભૂખ
ભાંગી ગઈ ને ?

---

ખુરશી માથે
બેઠો;પ્રધાન સારો;
પ્રજા ખુશાલ.

---

કોયલ બોલી
બોલ;ફૂલ ઊઘડ્યાં
રંગબેરંગી

---

ઘરમાં આવી
વહુ;સૂનું આંગણ;
બહાર લાવી.

---

ઝળહળતું
ઘર;દાઝી જવાયું;
કાજળકાળું.

---

આજ તમારું
નામ,ઘર ઘરમાં;
દીપ પ્રગટ્યા.

---

જગત માટે
બીજું;હું ને મારું આ;
ક્યાં નીકળશે ?

---

ભર બપ્પોરે
ચાંદો;અડધી રાતે
સૂર્ય ઊગશે ?

---

સિનેમા આવી
ડબ્બે;એક પૈસામાં;
સજળ આંખો.

---

પેટમાં લાય
બળે; ખાલી મૂટ્ઠી
કોળિયો વાયું.

---

અમે જાગશું;
તમે ઊંઘો નિરાંતે;
ઘણું કામ છે.

---

સરગમની
તર્જો;ભીની પાંપણો
કમકમતી.

---

કેરોસીનનો
ડબ્બો માથાઝબોળ;
અંગો બળતાં.

---

જગતપિતા
જગ તારું નિરાળું;
મારું તમારું

---

કિરણ કોરાં
સાવ;સૂરજ સૂનો;
કેમ બન્યું આ ?

---

પતંગિયાંની
પાંખો;ભાતભાતના
રંગોની હોળી.

---

હોળી બાળે છે
કાષ્ટ;અંતર જલે;
કોણ બળે છે ?

---

પાલવ,સાડી
ચોળી;ભાતીગળ આ;
આંખો ચોળતી.

---

પ્રાર્થના થશે
પૂરી;વંદન મારાં,
વાંઝિયા મે'ણું.

---

ફોટે મઢ્યું છે
રૂપ;સ્વર્ણ કિન્નરી,
રાગની રાણી.

---

ઘરની ભીંતો
ઊભી;નીંદરભીની,
ચિર-વિદાય.

---

હું શોધું ઘર
મારું; પગ ડગતા,
પૂછવું કોને ?

---

ચાર દિશાના
સ્થંભો;પવન સીડી;
નભે તારલા.

---

મનનું મોતી
મોળું; ટપાક તૂટ્યું;
ધોળું વાદળ.

---

પાનખરે એ
ખરે;વસંત ડાળે
જોબન ઝૂલે.

---

છોકરી માથે
મોર,કરતો શોર;
સહુ સાંભળે.

---

સિદ્ધપુરની
જાત્રા; સાવ સસ્તામાં;
ઘર મંદિર.

---

દમ-બ-દમ
શ્વાસો, ઉપરનીચે;
તળિયે બેઠા.

---

આશા પંખીની
પાંખ;શિકારી કાપે;
હસતે મુખે.

---

મનનાં મીત
મટે;તનનાં ગીત
રણે ભટકે.

---

પોપટ મીઠું
તીખો;પિંજર પેઠો;
નકલી વાતો.

---

ખોવાઈ ગયો
અહીં;ભવ અટવી,
સંસાર-શેરી.

---

આંખો સતત
ગતિ; ધ્રુવતારક;
ચલ અચલ.

---

આજ હું ખુશ
ખુશ; ખુશ ધરા આ;
ગગન ખુશ.

---

વનનાં વન
ઘટે;મન ભીતર
તપે સૂરજ.

---

ચીંચીં ચકલી
માળે;ગૂંથતી જાળી;
ભવની ભારી.

---

નકલી નાતો
તારો;લાગે છે સારો;
મધની ઝારી.

---

મૃગજળની
વાતું;રણ સાંભળે;
સૂરજ હસે.

---

મંગળ ગીતો
ગાય; મનનાં મીત;
નીર રણમાં.

---

વાતો કરતી
ઘડી; આજ અર
પળની વાતો.

---

ટેબલ સૂતું
એવું ?ખુરસી લઈ
સૌ ચઢી ગયાં.

ટબમાં બાથ
કરું;તનનો મેલ,
ટબમાં ન્હાતો.

પોપટ બેઠો
ખાય;મરચું તીખું;
મધથી મીઠું.

---

બિસ્તર બંધ
આંખે;કરે ચિંતન;
કોણ સૂવાનું ?

ફૂંફાડા મારે
સાપ;બહાર શૂરો;
ઘરમાં ફોસી.

કોયલ બોલે
ક્યાંક;મોર ગહેકે;
તનમાં તાપ.

---

ઝર ઝરતી
આંખો;મીઠું વહન;
હળવી ફૂલ.

છોકરો ડરી
ગયો;બાપ બગડે
બૈરી ઉપર.

પાણી વરસે
આભ;વીજ ઝબૂકે;
થડકે છાતી.

---

ઘરની વાતો
ઘરે; બહાર શોભે
ઝાકઝમાળ.

બારી ઊઘડી
કર લંબાયો;કૂંડું
પીવાનું પાણી.

વીજ ઝબૂકે;
મારે આકાશ આંખ
વસુંધરાને.

---

# શાહ પ્રવીણચંદ્ર કસ્તુરચંદ

**If you have any comments or observations on the above writin heartily welcome you to address me at this email id:**

**Send me an e-mail at pravinkshah@indiatimes.com.**